હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

શાંતી રાખો... આજે નવી રેસીપી બનાવવાની છે... એપ્લીકેશન ડાઉન્લોડ થાય છે.

વિચરતી વિમુકત જાતિ મહાસંમેલન માટે આયોજન બેઠક યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૭ ભારત માતા મંદિર ખાતે તા.૧૧ જુલાઈને સોમવારના રોજ દેવીપુજક સમાજના પ્રમુખ રૂપસંગભાઈ ભરભીડીયા સહિત એનટી-ડીએનટી સમાજના આગેવાનોની આયોજન બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં આગામી તા.૩૧ ઓગસ્ટના રોજ વિચરતી વિમુકત જાતિના નાગરીકોને ઓબીસી આરક્ષણના ૨૭ ટકા કોટામાંથી સબ કેટેગરીઝ કરી એનટી-ડીએનટી જ્ઞાતિના ભાગે આવતી ૧૧ ટકા અથવા ૯ ટકા હિસ્સો અલગ આપવો અને અનુસુચિત જનજાતિ અધિકાર શિક્ષણ નોકરી તેમજ સત્તા માટે દરેક પ્રકારની ચુંટણીઓમાં પ્રતિનિધીત્વ મળે તે માટે ૧ લાખ કરતા પણ વધુ નાગરીકોનું મહા સંમેલન યોજવાનું આયોજન કરવામાં આવ્યું છે. જે અંગે

મહાસંમેલન માટે ૧૧૧ સભ્યોની કમીટીની રચના કરાઈ

રાજયભરમાંથી વિચરતી વિમુકત જાતિના ૧૧૧ જેટલા અગ્રણીઓની કમિટીની રચના કરી નિમણુંક કરવામાં આવી છે.આ કાર્યક્રમમાં રાજયના છેવાડાના ગામમાંથી પણ આગેવાનોએ ઉત્સાહપૂર્વક હાજરી આપી હતી. આગામી તા.૩૦ ઓગસ્ટના રોજ યોજાનાર સંમેલનમાં દેવીપુજક, રાવળ, ચુવાળીયા કોળી, નટ, બાવરી, કાલબેલીયા,સહિત ૪૦ જ્ઞાતિ આગેવાનો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા. સમગ્ર ગુજરાતમાં વરસાદી માહોલ વચ્ચે પણ ખુબ ઉત્સાહ થી સમાજના આગેવાનોએ જવાબદારી ઉપાડવા માટે દુરદુરથી હાજરી આપી હતી.

જયારે વિરાટ દેવીપુજક સમાજના પ્રમુખ રૂપસંગભાઈએ જણાવ્યું હતું કે તા.૩૧ ઓગસ્ટ એનટી-ડીએનટી જાતીઓનો સ્વતંત્રતા દિવસછે.

તે સ્વતંત્રતા દિવસના કાર્યક્રમ માટે સમગ્ર ગુજરાતના નવી નિમણુંક પામેલા કમિટીના સભ્યો રાજયના દરેક જિલ્લામાં પ્રવાસ ખેડીને માઈકો પ્લાનીંગ કરી નાગરીકોને અનુસુચિત જનજાતિના અધિકાર મેળવવા એક લાખથી પણ વધારે નાગરીકો સંમેલનમાં આવશે. તા.૩૧ ઓગસ્ટ ૨૦૨૨ આ સમાજને ભટકતી જાતિ માંથી મુકત કરી અનુસુચિત જનજાતિના અધિકાર મેળવવા માટે ગાંધીનગર ખાતે સંમેલનમાં ઉમટી પડશે. દેવીપુજક સમાજ દ્વારા અનેકવાર તંત્ર સમક્ષ ઉચ્ચકક્ષાએ રજુઆત કરાઈ છે.

પરંતુ આજદિન સુધી કોઈ નક્કર પરિણામ આવ્યું નથી.

ખૂણેખાંચરેથી

- જિલ્લામાં વીજળી પડવાથી મૃત્યુ પામેલા પશુઓના પશુપાલકોને રૂ. ૭૬ હજારની સહાય ચુકવી આપવામાં આવી છે.
- જિલ્લાના અધિક નિવાસી કલેક્ટર સુશ્રી રિતુસિંઘ આજે વંદે ગુજરાત વિકાસયાત્રામાં ભાગ લેવા સવારે અડાલજ અને સાંજે શેરથા ગામે પહોંચ્યા હતા.
- જિલ્લામાં વંદે ગુજરાત વિકાસયાત્રાને લઈ ગ્રામ્ય વિસ્તારમાં પશુમેળા અને આયુર્વેદના નિદાન કેમ્પોએ આગવું આકર્ષણ જમાવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં સ્વચ્છતા મિશનના આદેશો થાય છે તેવી પંચાયતની કચેરીમાં જ ગંદકીનો ખડકલો થતાં કર્મચારીઓ અને પદાધિકારીઓ ચોંક્યા છે. ગઈકાલે પંચાયતની મહત્વની એક બેઠકમાં સ્વચ્છતાનો મુદ્દો ચર્ચામાં ખુબ છવાયો હતો.
- ગાંધીનગર શહેરમાં આજે સે. ૧૩માં પહોંચેલી વંદે ગુજરાત વિકાસયાત્રામાં ૪૦ થી વધુ સિનીયર સિટીઝનો જોડાયા હતા.
- ગાંધીનગર લિલામાં ૬૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ખાનગી શાળા છોડી સરકારી શાળામાં પ્રવેશ લીધો છે.
- આજે ગાંધીનગરમાં વેધર વોચ ગ્રૂપની બેઠક સ્ટેટ ઈમરજન્સી સેન્ટર ખાતે પી. સ્વરૂપના અધ્યક્ષસ્થાને મળી હતી.
- કલોલ તાલુકાના પાનસર ગામે આંખોના રોગ અંગે કેમ્પનું આયોજન કરાયુ હતુ.
- આજોલની શાળામાં વિશ્વ વસ્તી દિવસની ઉજવણી કરવામાં આવી હતી.
- ગાંધીનગર જૈન સમાજના ત્રણ આગેવાનો હેમેન્દ્રભાઈ શાહ, આર.કે. શાહ અને દિપક શાહ ચાર્તુમાસ કરવા પાલીતણા ગયા છે.

સાદરા સંકુલમાં વિદ્યાર્થી પ્રતિનિધિની બિન હરિફ પસંદગી કરાઈ

ગાંધીનગર, તા. ૧૨

ગૂજરાત વિદ્યાપીઠ, મહાદેવ દેસાઈ ગ્રામ સેવા સંકુલ સાદરાના બી.એ. એમ.એ. વિભાગમાં વર્ષ દરમ્યાન વિદ્યાર્થીઓમાં નેતૃત્વની ખીલવણી થાય તે હેતુથી વિદ્યાર્થી પ્રતિનિધિઓની પસંદગી બિનહરિફથી કરવામાં આવી જેમાં સંકુલના મુખ્ય મંત્રી તરીકે અંગ્રેજી વિષય વિભાગની વિદ્યાર્થિની ભાવના ચાવડાની પસંદગી કરાઈ. આ ઉપરાંત શિસ્તમંત્રી, રમત-ગમત મંત્રી, સફાઈ મંત્રી, પર્યાવરણ જાળવણી મંત્રી, પ્રવાસ-પર્યટન મંત્રી, આરોગ્ય મંત્રી જેવાં કૌશલ્ય ઘડતરનાં કાર્યે વિદ્યાર્થી પ્રતિનિધિઓ દ્વારા થાય તેવા મંત્રીઓની પસંદગી કરાઈ. સંકુલના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન મુજબે રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર પ્રા. ડૉ. મોતી દેવું અને પ્રા. ડૉ. દિવ્યેશ ભટ્ટના આયોજન થકી આ કાર્ય પૂર્ણ થયું જેમાં પ્રા. રાજેન્દ્ર જોષી અને ગૃહપતિ મોહનભાઈ પટેલની ઉપસ્થિતિ રહી.

સેકટર-૨૮ ખાતે પ્રજાપતિ સમાજની ચિંતન શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેરના સેકટર-૨૮ વરીયા સમાજની વાડી ખાતે પ્રજાપતિ સમાજની રાજકીય ચિંતન શિબિર યોજાઈ હતી. આ શિબિરમાં રાજયભરમાંથી પ્રજાપતિ સમાજના ભાઈ બહેનો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. પ્રજાપતિ સમાજના અગ્રણી ભીમજીભાઈ પ્રજાપતિની આગેવાનીમાં યોજાયેલા શિબિરમાં ઉપસ્થિત સમાજના ભાઈ બહેનોને કહ્યું હતું કે સમાજને સત્તાધારી પક્ષ દ્વારા જે અન્યાય કરવામાં આવી રહ્યો છે. તે અંગે ચર્ચા કરવામાં આવી હતી. હાલના સમયે રાજયના વિવિધ તાલુકા-જિલ્લા મથકે તબક્કાવાર ચિંતન શિબિર યોજીને સમાજને જાગૃત કરવાનો પ્રયતન કરવામાં આવશે. અત્યાર સુધી સમાજ સત્તા પક્ષને સાથે રહીને કામગીરી કરતો હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોથી સમાજની ઉપેક્ષા કરવામાં આવતા સમાજના ભાઈ બહેનોમાં આકોશ જોવા મળ્યો છે. રાજયમાં સમાજની વસ્તી ૫૦ લાખથી વધુ હોવા છતા પુરતુ કદ રાજકીય સ્તરે આપવામાં આવતુ નથી. રાજયમાં પ્રજાપતિ સમાજ અજ્ઞાનતામાં હોવાથી તેનો ઉપયોગ કરવામાં આવતો હતો. હવે જયારે સમાજ જાગૃત બની ગયો છે. ત્યારે સમાજને યોગ્ય રીતે સ્થાન મળી શકે તે માટેના પ્રયત્નો પણ કરવા છતા તે અંગે કોઈ જ નિર્ણય લેવામાં નહી આવતા ચિંતન શિબિરમાં સમાજના ભાઈ બહેનોએ સત્તાધારી પક્ષ સામે રોષ જોવા મળ્યો હતો.

છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા દંપતિને એલસીબીએ ઝડપી પાડ્યું

ગાંધીનગર, તા.૧૨

દહેગામ પોલીસ મથકમાં શરીર સંબંધી ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા દંપતિને ગાંધીનગર એલસીબી-૨ પોલીસે પકડી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર જિલ્લામાં નાસતા ફરતા આરોપીઓને પકડી પાડવા માટે કામગીરી ચાલી રહી છે. ત્યારે એલસીબી-૨ પીઆઈ જે.એચ.સિંઘવ તેમજ એચ.પી.પરમારના માર્ગદર્શન હેઠળ ટીમના સભ્યો એ નાસતા ફરતા આરોપીઓની યાદી તૈયાર કરી આશ્રયસ્થાનો પર ઝુંબેશ હાથ ધરી કોમ્બીંગનું આયોજન કરાયું છે. એલસીબી-૨ પોલીસ દહેગામ વિસ્તારમાં આરોપીઓની હ્યુમન સોર્સથી માહિતી મેળવવાની કામગીરી કરી રહી હતી. તે સમયે એએસઆઈ કિરીટકુમાર જેઠાભાઈ તેમજ એએસઆઈ જોગીન્દરસિંહને સંયુકત રીતે બાતમી મળી હતી. દહેગામ પોલીસ મથકમાં શરીર સંબંધી નોંધાયેલા ગુનામાં છેલ્લા બે વર્ષથી નાસતા ફરતા આરોપી દિનેશ ચુનીનાલ સલાટ, લીલાબેન દિનશભાઈ ચુનીલાલ સલાટ (રહે દોગલ તલાવડી, ફાટક પાસે મગોડી દહેગામ),પોતાના ગામ ખાતે આવ્યા હોવાની સ્થાનિક હ્યુમન સોર્સથી માહિતી મેળવી હતી. ત્યારબાદ ટીમે દહેગામ મહિલા પોલીસને સાથે રાખી આયોજનબધ્ધ રીતે આરોપીઓને પકડી પાડી આગળની કાર્યવાહી દહેગામ પોલીસ ને સોંપવા તજવીજ હાથ ધરી છે.

રીલાયન્સ ચોકડી પ્રમુખ મસ્તાના કોમ્પ્લેક્ષમાંથી બાઈકની ચોરી

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર કુડાસણ સ્થિત રીલાયન્સ સર્કલ ખાતે રવિવારના રોજ રાત્રીના સમયે પ્રમુખ મસ્તાના કોમ્પ્લેક્ષના પાર્કિંગમાંથી ડ્રીમ યુગા બાઈકની ચોરી થવા પામી છે. બાઈક ચોરી અંગે યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે. મળતી વિગત મુજબ રાજકોટ જિલ્લાના થોરડી ગામના અને હાલ ગાંધીનગર સેકટર-૩ એ પ્લોટ નં.૧૨૬૦-૨ સારથી બોઈઝ હોસ્ટેલ ખાતે રહેતા યુવરાજસિંહ દિપસિંહ જાડેજા સ્પર્ધાત્મક પરિક્ષાની તૈયારી કરે છે. ત્યારે ગત તા.૧૦ જુલાઈના રોજ રાત્રીના સમયે યુવરાજસિંહ તેમના મિત્ર કિશન પટેલનું હોન્ડા ડ્રીમ યુગા બાઈક નં. જી.જે.૧૦.સી.કે.-૩૨૭૩ લઈને રાત્રીના ૯.૩૦ વાગે રીલાયન્સ સર્કલ પ્રમુખ મસ્તાના કોમ્પ્લેક્ષ પીઝા ખાવા માટે ગયા હતા. તે સમયે બાઈક કોમ્પ્લેક્ષના પાછળના ભાગે પાર્કિંગમાં પાર્ક કર્યું હતું. જયારે પીઝા ખાઈને રાત્રીના સાડા અગીયાર વાગે મુકેલી જગ્યાએ બાઈક લેવા જતા જણાયું ન હતું. જેથી બાઈકની આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી. પરંતુ મળી આવ્યું ન હતું, જયારે બાઈક કોઈ ભુલથી લઈ ગયું હશે,તેમ માની પાછુ મુકી જશે તેની રાહ જોઈ હતી.

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના વિદ્યાર્થીઓએ મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમની મુલાકાત લીધી

ચિલોડા, તા. ૧૨

સમર્પણ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ગાંધીનગરના વિદ્યાર્થીઓએ અને અધ્યાપક ગણે મગોડી સ્થિત રાહેલબા વૃધ્ધાશ્રમની વસ્તી દિન નિમિત્તે મુલાકાત લીધી.

આશ્રમના ૪૫થી વધુ વડીલો સાથે રંગારંગ કાર્યક્રમ સાથે પ્રીતિ ભોજનનો સ્વાદ ચાખ્યો. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંકલન સમાજશાસ્ત્ર વિભાગના એક્સટેન્શન સમિતિના કો. ઓર્ડિનેટર, હેડ, ડૉ. રમીલાબેન પટેલ, અલ્પાબેન પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રીતિ ભોજન પેટે રૂ. ૧૧,૦૦૦ દાન પેટે કોમર્સ વિભાગના અધ્યક્ષ ડૉ. લલિતાબેન સોલંકીએ આપ્યું હતું. રાહેલબાના અશક્ત આશ્રમના સંચાલિકા નિર્મલાબેન આઈ. પરમાર અને લીગલ સેલ ડીરેક્ટર યશવંતસિંહજી એલ. ઝાલા તેમજ સંસ્થાના સહ કાર્યકર વિમલભાઈ ઠક્કરે વિદ્યાર્થીઓ સાથે વાર્તાલાપ યોજી હાર્દિક આભાર વ્યક્ત કર્યો હતો.

ગાંધીનગર દક્ષિણ વિસ્તારમાં કાર્યકર પરિચય બેઠક ચિલોડામાં

ગાંધીનગર, તા. ૧૨

ચિલોડા મોટા એસ.પી. રીસોર્ટ ખાતે ગાંધીનગર દક્ષિણ વિધાનસભાના વિસ્તારમાં સમાવિષ્ટ ગાંધીનગર મંડલના કાર્યકર્તાઓની પરિચય બેઠક નવ નિયુક્ત પ્રભારી અને મહેસાણાના પૂર્વ સાંસદ જયશ્રીબેન પટેલના અધ્યક્ષસ્થાને બપોરે ૨ વાગે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લા પ્રમુખ, મહામંત્રી તેમજ મંડલ, મોરચાના પદાધિકારીઓ અને સિનિયર કાર્યકર્તાઓ હાજર રહ્યાં હતાં.

આ બેઠકમાં જયશ્રીબેન પટેલ સહિત ગાંધીનગર જિલ્લા ભાજપના પ્રમુખ અનિલભાઈ પટેલ, ભાજપના સહ પ્રવક્તા હિતેન્દ્રભાઈ પટેલ, મંહામંત્રી રમણભાઈ દેસાઈ, સહકારી આગેવાન કોદરભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ દિલિપભાઈ પટેલ, સહકારી આગેવાન શંકરસિંહ રાણા, પૂર્વ જિલ્લા પંચાયત સદસ્ય અગ્રણી રમેશભાઈ પટેલ વગેરે મહાનુભાવોની ઉપસ્થિતિમાં મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

કોલવડા હત્યા પ્રકરણમાં જમીન હડપવા અને પ્રેમી સાથે રહેવા પતિનું ઢીમ ઢાળ્યું હતું

ગાંધીનગર,તા.૧૨

ગાંધીનગર નજીક કોલવડા ગામે કુખ્યાત જશુ પટેલના ભાઈ ઘનશ્યામ પટેલની ગત તા.૨૩ જુને પત્ની અને દિકરીએ માથામાં દસ્તો અને ગળામાં કટર ફેરવી હત્યા કરી હતી. આ બનાવમાં પોલીસે દિકરી અને પત્નીની ધરપકડ કરી હતી. પરંતુ આ કોલવડા હત્યા પ્રકરણમાં નવો વળાંક આવ્યો છે. રીશીતા અને સંજયને સાથે રહેવુ હોવાથી પતિ આંખમાં કણાની જેમ ખુંચતો હતો. જયારે કોલવડામાં ઘનશ્યામના ભાગની ત્રણ વીઘા જમીન હડપ કરવાના હેતુથી હત્યાને અંજામ અપાયો હતો.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પોલીસે કોલવડા ઘનશ્યામ હત્યા પ્રકરણમાં પત્ની રીશીતાના ફોનની ડીટેઈલ કઢાવી હતી.જેમાં રીશીતાએ મોટેરા રહેતા સંજય પટેલ સાથે વારંવાર ફોન પર વાત કરતા હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ સંજય પટેલની પુછપરછ હાથ ધરી હતી. પરંતુ તે પોલીસ સમક્ષ વારંવાર નિવેદન બદલી રહ્યો હતો. જયારે સંજય રીશીતાને મળવા કોલવડા આવી રહ્યોહતો તે સમયે તેની પત્ની પણ આવી હતી. જયારે સોનલને તેના પતિ અને રીશીતાએ હત્યાનો પ્લાન ઘડ્યો છે તેની માહિતી ન હતી. જયારે ઘરે આવીને હત્યા કરવામાં આવી તે સમયે સોનલ પણ તેમાં ભાગીદાર બની ગઈ હતી. સંજય અને સોનલ કોલવડા નજીક ફોનની રાહ જોઈને ઉભા હતા.રીશીતાનો ફોન આવતા તે ઘનશ્યામના ઘરે પહોંચી ગયા હતા. ઘનશ્યામ પટેલ ભર ઉંઘમાં સુઈ રહ્યો હતો તે સમયે માથાના ભાગે દસ્તાના ઘા ઝીંકીને ગળાના ભાગે કટર ફેરવી દીધુ હતું. તે સમયે ઘનશ્યામના હાથપગ પકડી રાખીને મોઢું પણ દબાવી રાખ્યું હતું.જયારે રીશીતા ગુનો પોતાની માથે લઈ લેશે એ શરતે સંજય અને સોનલ પટેલે મદદ કરી હતી. જયારે બનાવનું કારણ છેડતીનું આપવાનું નક્કી કર્યુ હતું. પરંતુ સંજય સાથે રહેવા અને કિંમતી જમીન હડપવા હત્યાને અંજામ આપ્યો હતો. પોલીસે પ્રેમી સંજય પટેલની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

ગોરવંટા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમતા ૭ ઝડપાયા

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર શહેર- જિલ્લામાં જુગાર અને દારૂની બદી ખુબ જ વિકસી રહી છે. ત્યારે આ બદીને દુર કરવા માટે પોલીસ તંત્રના જવાનો પણ કમરકસી રહ્યા છે. ત્યારે વલાદના ગોરવંટા ગામે સ્ટ્રીટ લાઈટના અજવાળે બાજી માંડીને બેઠેલા સાત જુગારી ઝડપાયા છે. પોલીસે દરોડો પાડી ૭ જુગારીઓ પાસેથી ૧૩ હજારનો મુદ્દામાલ પણ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સામાન્ય રીતે શ્રાવણ માસમાં જુગાર રમવાનો મહિમા કે પરંપરા જોવા મળે છે. પરંતુ આ બદી બારેમાસ ખીલી ઉઠી છે. શ્રાવણમાસ નજીક આવી રહ્યો છે તેમ જુગારધામો ધમધમી રહ્યા છે. તો બીજીતરફ પોલીસે જુગારીઓને પકડવા માટે ખાસ ટીમો બનાવી છે. ત્યારે ડભોડા પોલીસની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન બાતમી મળી હતી કે ગોરવંટા ગામે જોડીયાવાસમાં સ્ટ્રીટ લાઈટના અજવાળે જુગાર રમાઈ રહ્યો છે. જેને પગલે પોલીસે દરોડો પાડી વલાદ ગોરવંટામાં રહેતા સચિન બાદરજી ઠાકોર, હર્ષદ નાગરજી ઠાકોર, રોહિત આતાજી ઠાકોર, દિનેશજી આદરજી ઠાકોર, પ્રકાશ અરવિંદભાઈ પટેલ, બાબુભાઈ ભલાભાઈ ખાંટ, અને મહેશ રમણજી ઠાકોરને જુગાર રમતા પકડી પાડ્યા હતા. જુગારીઓ પાસેથી ૧૩ હજારથી વધુ નો મુદ્દામાલ કબ્જે કરી આગળની તપાસ હાથ ધરી છે.

શહેરના વેપારીએ બાકી નીકળતા ૨.૭૭ હજાર ન આપતા ફરીયાદ

ગાંધીનગર,તા.૧૨

અમદાવાદના દુકાનદારે ફલેક્ષ બેનર પ્રિન્ટ કરવાનો કાચો માલ ગાંધીનગરના વેપારીને આવ્યો હતો. આ કાચા માલના રૂ.૭૭ હજારની ઉઘરાણી અમદાવાદના દુકાનદારે કરતા શહેરના વેપારીએ રૂપીયા નહી મળે જે થાય તે કરી લેવાની અને જાનથી મારી નાંખવાની ધમકી આપી છેતરપિંડી અને વિશ્વાસઘાત કરતા સેકટર-૨૧ પોલીસ મથકે દુકાનદારે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ ઘોડાસર પ્રેસ્ટીઝ બંગ્લોઝ ખાતે રહેતા કરણસિંહ બળવંતસિંહ ડોડીયા પરિવાર સાથે રહે છે. વર્ષ ૨૦૧૩ માં ૨૯ પ્લેટીનીયમ ઈન્ડસ્ટ્રીયલ પાર્ક વિભાગ-૧ ખાતે થ્રી મેકસ એન્ટરપ્રાઈઝ કંપની ખોલી હતી. કંપનીમાં ફલેક્ષ બેનરોના કાચા મટીરીયલ્સનો વેપાર શરુ કર્યો હતો. કંપનીમાં તૈયાર થતો કાચો માલ અલગ અલગ કંપનીના વેપારીઓ લઈ જતા હતા. ગાંધીનગર સેકટર-૨૬ જીઆઈડીસી કાતે આવેલા ભગવતી સાઈન કંપનીના માલિક સુધીર ચંદુભાઈ પટેલ (રહે.ડી.૭૦૨ શીવાયલ પરિસર કુડાસણ), સાથે ધંધાકીય પરિચય થયો હતો. સુધીરભાઈની કંપનીને બેનરો બનાવવા માટે કાચો માલ આપતા હતા. સુધીરભાઈ તેનું પેમેન્ટ બેંક કે ચેક દ્વારા કરતા હતા. કયારેક ક્રેડીટ પર ઉધાર માલ લઈ જતા હતા. બેનરોના ચીજવસ્તુના રૂપીયા પણ આપતા હતા. પરંતુ સુધીરભાઈએ ગત તા.૨ નવેમ્બર ૨૦૧૩ અને ૭ ડિસેમ્બર ૨૦૧૩ ના રોજનુ પેમેન્ટ રૂ.૭૭૦૨૬ નો કાચો માલ ખરીદી કર્યો હતો. તે માલનું પેમેન્ટ સુધીરભાઈએ અવારનવાર કહેવા છતા કર્યું ન હતું. સુધીરભાઈ પાસે કાચો માલ પુરો પાડ્યો હતો તેનુ બાકી પેમેન્ટ નીકળતા પૈસા માંગતા તેઓ એકદમ ઉશ્કેરાઈ ગયા હતા. સુધીરભાઈએ અમદાવાદના દુકાનદારને ગાળો બોલી હાથ-પગ તોડી નાંખી જાનથી મારી નાંખવાની ધમકી આપી હતી.

તે ઉપરાંત બાકી નીકળતા લેણા રૂ.૭૭ હજાર નહી આપીને જે થાય તે કરી લેવાની ધમકી આપી હતી. આજદિન સુધી પૈસા નહી આપતા કરણસિંહ ડોડીયાએ ફરીયાદ નોંધાવી છે.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

ચિલોડા મોટા સર્કલે રખડતા ઢોરના અડિંગાથી વાહનચાલકોને પડતી ભારે હાલાકી

ચિલોડા-ગાંધીનગર સીક્સલાઈન રોડ પર આડશો અને રેલીંગની સુવિધા રાહતરૂપ બની ત્યારે રખડતા ઢોરોએ બીજા રોડ પર અડીંગા જમાવ્યા, જૈસે તે સ્થિતિથી લોકોમાં હાલાકી વધી



ગાંધીનગર, તા. ૧૨

ચિલોડાથી ગાંધીનગર જવાના સિક્સ માર્ગ પર બંને રસ્તાની સાઈડમાં લોખંડની મજબૂત રેલીંગ-આડશો લગાડી દેવામાં આવી. ત્યારબાદ રોડની મધ્યે ડિવાઈડરની નાના વૃક્ષના છોડનું ટેકણ સાથે વૃક્ષારોપણ-બગીચો બનાવી દીધો છે. ત્યારે તેના રક્ષણ માટે ડિવાડરની બંને બાજુ લોખંડની પીળા કલરની રેલીંગ ફીટ કરવામાં આવતા જ્યાં રખડતા ઢોરનો અડીંગોથી માર્ગ પર આશ્રય સ્થાન બન્યું હતું હવે સીક્સ લાઈન રોડ પર પુરેપુરો રેલીંગો-આડશોની સુવિધાથી રખડતા ઢોરના અડીંગા અટકી જવા પામ્યા ત્યારે હવે આ ઢોરો દહેગામ-ચિલોડાના રોડ પર પેટ્રોલ પંપની પાસે અડીંગાની જગ્યા પસંદ કરતાં હવે એક બાજુથી બીજી બાજુ ઢોર જ્યાં લોકોની ભારે અવરજવરનો રસ્તો છે ત્યાં અડીંગાનું સ્થળ સ્થાન પરોટ કરતાં ભારે હાલાકી તેમજ અકસ્માતની દહેશત વચ્ચે લોકો મુશ્કેલીમાં મુકાયા છે. ચિલોડાથી ગાંધીનગર સીક્સલાઈન પહોળા રસ્તા પર આડશો અને લોખંડની રેલીંગો ફીટ કરવાથી હવે કોઈ રખડતું ઢોર કે પ્રાણી ન આવે તેવી સુવિધા વાહનચાલકો માટે રાહતરૂપ બની. જ્યારે બીજી આ રખડતા ઢોરોએ દહેગામ-ચિલોડા સ્થળે અડીંગા જમાવતાં અકસ્માતની પુરેપુરી સંભાવનાથી લોકોમાં ભય સતાવી રહ્યો છે. એક બાજુના રસ્તે રાહત અને બીજી બાજુ ભારે મુશ્કેલી સર્જાઈ. આનો કાયમી ઉકેલ રખડતા ઢોરોને પકડીને અન્ય સ્થળે ખસેડવા જરૂરી જણાય છે.

જામનગરમાં ખુનના ગુનામાં નાસતો ફરતો આરોપી ઝડપાયો

ગાંધીનગર, તા.૧૨

જામનગર જિલ્લામાં ખુન તેમજ રાયોટીંગના ગુનામાં છેલ્લા કેટલાક સમયથી નાસતા ફરતા આરોપીને ગાંધીનગર સચિવાલય પાસેથી દબોચી પાડી એલસીબી-૧ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગતર મુજબ જિલ્લા પોલીસ વડા તરૂણ દુગ્ગલ દ્વારા ગાંધીનગર જિલ્લા તેમજ જિલ્લા બહારના નાસતા ફરતા આરોપીને પકડી પાડવા માટે જરુરી સુચના આપવામાં આવી હતી. જે અન્વયે એલસીબી પીઆઈ એચ.પી.ઝાલાની ટીમના સભ્યો પેટ્રોલીંગમાં હતા.તે સમયે હેડ કોન્સ્ટેબલ મુકેશસિંહ દલપતસિંહ તેમજ લોકરક્ષક રાજેન્દ્રસિંહને ખાનગી રાહે ચોક્કસ બાતમી મળી હતી કે જામનગર પંચ ડિવીઝન પોલીસ મથકે નોંધાયેલા ગુનાને પગલે નાસતા ફરતા આરોપી સંજયસિંહ ભુપતસિંહ કેશુર (રહે. નધુના ગામ તા.જી.જામનગર) હાલ સચિવાલય પાસે હાજર છે . જેથી એલસીબી પોલીસે બાતમીવાળી જગ્યા પરથી સંજયસિંહ કેશુરને પકડી પાડ્યો હતો. પોલીસે આ શખ્સની ઉપરોકત ગુના અંગે પુછપરછ કરતા તેના પરિવારની ખાનગી અને અંગત બાબતમાં ચાલુ વર્ષ દરમિયાન તેના ગામમાં પાડોશી યુવાન સાથે ઝઘડો થયો હતો. જેમાં ઝપાઝપી દરમિયાન સામેવાળા એક પુરુષનું મોત થયુ હતુ. જે અંગે તેની સામે ખુનનો અને રાયોટીંગનો ગુનો નોંધાયા હતા. જેથી બંન્ને ગુનામાં આરોપી સંજયસિંહ નાસતો ફરતો હતો